# શામળાજી-ઉદેપુર હાઈવે સુમસામ

## ઢાબા અને રોડ પર ટ્રકનો ખડકલો, ટ્રકચાલકો રસ્તા પર પડી રહેવા મજબુર, અરવલ્લી પોલીસનું રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ

રાજસ્થાનમાં છેલ્લા ૧૫ દિવસોથી શિક્ષક ભરતીના મામલે આંદોલન ચાલી રહયું છે. પરંતુ આ ભરતી આંદોલનમાં ગુરુવારે રાત્રીથી ઉગ્રરૂપ ધારણ કરતા આંદોલનકારીઓએ વાહનો સળગાવી દેવા પેટ્રોલપંપ ઉપર હુમલાથી માંડી ફરજ પરના સરકારીકર્મીઓ ઉપર ભારે પથ્થરમારાના વધતા બનાવો બાદ હિંસક બની રહેલ આ આંદોલન વધુ વિસ્તારોમાં વકર્યું છે. આંદોલનને પગલે નેશનલ હાઈવે બંધ કરાતાં પ્રશાસન દ્વારા વાહનો અન્ય માર્ગો ઉપર ડાયવર્ટ કરાયા હતા. જોકે આ આંદોલનની કોઈ અસર જિલ્લાના સરહદી વિસ્તારમાં નહી હોવાનું અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું પોલીસવડાએ જણાવતાં રાહત પ્રસરી હતી.

જીલ્લા પોલીસવડા સંજય ખરાતે સરહદી વિસ્તારમાં આદિવાસી સમાજના અગ્રણીઓ સાથે મીટિંગ યોજી અરવલ્લી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચર્ચા કરી તમામ લોકોને સંયમ જાળવવા જણાવ્યું હતું આંદોલનને પગલે નેશનલ હાઈવે બંધ કરાતાં પ્રશાસન દ્વારા વાહનો અન્ય માર્ગો ઉપર ડાયવર્ટ કરાયા હતા. હાલ શામળાજી-ઉદેપુર હાઈવે તકેદારીના ભાગ રૂપે બંધ કરવામાં આવતા ટ્રક ચાલકોની રોડ પર કતારો લાગી છે હાલ તો ટ્રક ચાલકો જ્યાં જગ્યા મળી ત્યાં ટ્રક પાર્ક કરી રહ્યા છે. મોડાસા ટોલપ્લાઝાથી શામળાજી સુધી ટ્રક



પાર્ક કરેલા અને રોડ સાઈડ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે.

નેશનલ હાઈવે નં-૮ શામળાજીથી રાજસ્થાનમાં પ્રવેશ બંધ કરવામાં આવતા ટ્રક તથા અન્ય વાહનોને અંબાજી-છીપરી ચેકપોસ્ટ તરફ ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે. જેથી અંતર વધી ગયું છે. જ્યારે કેટલાક ટ્રકવાળાઓએ હાઈવે પર આવેલા ઢાબા પર ટ્રક પાર્ક કરી દીધા છે. અત્યારે રાજસ્થાન બોર્ડર બંધ કરી દેવાતા અરવલ્લી હાઈવે સુમસામ બની ગયો છે. શ્યામલાજી-ઉદયપુર હાઈવે સતત ધમધમતો હાઈવે છે. પણ આ આંદોલનને કારણે હાઈવે પર કોઈ ચહલપહલ નથી. હજારો ટ્રક હાઈવે પર આવેલી હોટેલ પર થંભી ગયા છે. અમદાવાદ-ઉદયપુર હાઈવે છેલ્લા ૩૬થી પણ વધારે કલાકથી બ્લોક કરી દેવામાં આવ્યો છે. ડુંગરપુર અને બાંસવાડામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ આંદોલનને વેગ આપવા માટે ઉત્તર ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ તરફથી શ્યામલાજી પાસે આંતર રાજ્ય બોર્ડર નજીક આશ્રમ ચાર રસ્તા પાસે ચક્કાજામ કરી દેવામાં આવ્યું છે.

અરવલ્લી જિલ્લાના પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો છે. આ આંદોલનની અસર જિલ્લાના સરહદી વિસ્તારમાં નથી. ડુંગરપુર નજીક શુક્રવારે બપોરે ૨૦ વાહનોને આગચંપી કરવામાં આવી હતી. નેશનલ હાઈવે ૮ બંધ કરી દેવામાં આવ્યો છે. જે હિંમતનગર-શ્યામલાજીથીને ઉદયપુર સુધી જાય છે. આ આંદોલનને કારણે હાઈવે પરની ચહલપહલ ઘટી ગઈ છે. હાઈવે પર વાહનોના થપ્પા લાગી ગયા છે. જેના કારણે અનેક લોકો અટવાયા છે. બે વર્ષ પહેલા શિક્ષકોની ૫૪૩૧ જગ્યા પર ભરતી કરવામાં આવી હતી. જે ભરતી પ્રક્રિયા દરમિયાન બેઠકોની ઠરાવેલ ટકાવારી અનુસાર આદિજાતિની ૫૮૯ અને અન્ય ૯૬૫ જગ્યાઓ પર ઉમેદવારોની ભરતી કરવામાં આવી હતી. બાકી રહેલી જગ્યાઓ પર આદિજાતિ વિદ્યાર્થીઓનો ઉમેદવારીનો પ્રશ્ન છેડાયો છે.



અરવલ્લી જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ ધ્વારા ઉમેદપુર (જીવણપુર) ગામે આરોગ્ય ચકાસણીનો કેમ્પ યોજવામાં આવ્યો. ૧૭૮ વ્યક્તિઓએ લાભ લીધો. ધારા સભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ. ચિરાગભાઈ ઉપાધ્યાય, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ર્ડા. વર્મા, ડૉ. કૌશલભાઈ પટેલ, ડૉ. જિજ્ઞાબેન જયસ્વાલ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહીત કરી આરોગ્ય વિશેની સવિશેષ જાણકારી આપી હતી અને ર્ડા. નેહાબેન પટેલ, ડૉ. રાજીવ બરંડા, ડૉ. સરસ્વતિબેન સહિત આરોગ્ય કર્મચારીઓએ સુંદર કામગીરી કરી હતી તથા સાબરડેરીના અધિકારીઓ જગદીશભાઈ પટેલ, ડાહ્યાભાઈ, હેમંતભાઈ પટેલ ઉપસ્થિત રહેલ હતા. અરુણભાઈ પટેલે સુંદર કામગીરી બદલ સૌનો હૃદયપૂર્વક આભાર.

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૪૧૧ કેસ

## કોરોનાને લીધે ૧૦ના મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૧૩૧૪૦ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૧૯ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૬૬૦

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૦૩૫૭ ટેસ્ટ કરાતા ૧૪૧૧ કેસ કોરોના પોઝિટિવ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧ લાખ ૩૩ હજાર ૨૧૯ થયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦ના મોત થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૩૪૧૯ થયો છે. રાજ્યમાં આજે ૧૨૩૧ દર્દી સાજા થતા કુલ ડિસ્ચાર્જ ૧૧૩૧૪૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૬૬૦ કોરોના એક્ટિવ કેસ છે જેમાં ૮૬ વેન્ટીલેટર પર અને ૧૬૫૭૪ સ્ટેબલ છે. રાજ્યમાં સતત કોરોનાના કેસો ૧૪૦૦ની સપાટી વટાવી રહ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૨૩૨૪૦૮ કુસ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લાઓમાં આજની તારીખે ૬૦૫૮૬૮ વ્યક્તિઓ ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં આજરોજ ૧૦ દર્દીના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત શહેરમાં ૨, ભાવનગર શહેરમાં ૧, જુનાગઢ શહેરમાં ૧, રાજકોટમાં ૧, વડોદરા શહેર અને જિલ્લામાં ૧-૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૮ અને જિલ્લામાં ૧૯ સાથે કુલ ૧૯૭ કેસ પોઝિટિવ આવ્યા છે. શહેરમાં આ સાથે ૩૬૨૪૬ કુલ કોરોના સંક્રમિતના કેસ નોંધાયા છે. આજે ૩ના મોત અમદાવાદમાં થતા કુલ મૃત્યુઆંક ૧૮૦૪ થયો છે. સુરત શહેરમાં ૧૬૦ અને જિલ્લામાં ૧૦૯ સાથે કુલ ૨૬૯ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૨૮ હજારને પાર થઈ ૨૮૦૫૮ થયો છે. જ્યારે આજે સુરતમાં ૨ મોત નોંધાતા ૭૫૬ કુલ મોત થયા છે. વડોદરા શહેરમાં ૯૨ અને જિલ્લામાં ૪૧ સાથે કુલ ૧૩૩ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિત ૧૧૬૭૩ થયો છે. આજે ૨ના મોત થતા કુલ ૧૮૧ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૧૧૨ અને જિલ્લામાં ૫૯ સાથે ૧૭૧ કેસ નોંધાતા કુલ સંક્રમિત ૮૬૩૬ થયા છે. આજે ૧ મોત નોંધાતા કુલ મોત ૧૩૫ થયા છે. જામનગર શહેરમાં ૮૧ અને જિલ્લામાં ૧૮ સાથે ૯૯ કેસ નોંધાતા કુલ સંક્રમિતનોં આકડો ૫૮૦૮ છે. મહેસાણામાં ૫૨, બનાસકાંઠામાં ૩૬, કચ્છ અને સુરેન્દ્રનગરમાં ૩૪, ભાવનગરમાં ૩૧ અને શહેરમાં ૧૬, અમરેલીમાં ૩૦, પાટણમાં ૨૭, ગાંધીનગર જિલ્લામાં ૨૬ અને શહેરમાં ૧૯, મોરબીમાં ૨૪, ભરૂચમાં ૨૧, સાબરકાંઠામાં ૧૯, પંચમહાલમાં ૧૮, અને ખેડામાં ૧૬, જુનાગઢ શહેરમાં ૧૫ અને જિલ્લામાં ૧૪, દાહોદ અને તાપીમાં ૧૨-૧૨, મહીસાગર અને નવસારીમાં ૧૧-૧૧, ગીર સોમનાથમાં ૯, વલસાડમાં ૮, દ્વારકામાં ૭, અરવલ્લી અને નર્મદામાં ૬, છોટા ઉદેપુરમાં ૫, પોરબંદરમાં ૩, બોટાદ અને ડાંગમાં ૨ કેસ નોંધાયા છે.

# ઈડરમાં ૭ દિવસનું સ્વયંભૂ લોકડાઉન જાહેર

ઈડર,તા.૨૭

કોરોનાથી બચવા માટે હવે લોકો જાતે જ તૈયાર થઈ રહ્યાં છે. કોરોના સામે લડવા માટે હવે લોકોએ સ્વંયભૂ લોકડાઉનનું શસ્ત્ર ઉગામ્યું છે. ત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓમાં નાના શહેરો અને નાના ગામડાના લોકો સ્વંભૂ લોકડાઉન તરફ વળ્યાં છે. ત્યારે સાબરકાંઠા ઈડરનું બજાર સાત દિવસ સ્વયંભુ બંધ રાખવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા ઈડરનું બજાર બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. ઈડરના તમામ એસોસિએશન દ્વારા બેઠક યોજાઈ હતી. જમાં કાપડ, વાસણ, કાપડ મહાજન, સોની, નોવેલ્ટી, ઓટો પાર્ટ્સ, સીડ્સ અને બુટ-ચંપલ એસોસીએશનની સ્વૈચ્છિક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં વેપારીઓએ સોમવારથી શનિવાર સુધી બજાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. સમગ્ર ઈડર નગરમાં રીક્ષામાં માઈક સાથે બજાર બંધની જાહેરાત કરાઈ હતી. સાબરકાંઠા જીલ્લા સહીત સમગ્ર રાજ્યમાં કોરોના સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે ત્યારે એને અટકાવવા માટે લોકો સ્વયભું લોકડાઉન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં ૯૦૦ થી વધુ કોરોના પોઝેટીવ કેસ નોધાઈ ચુક્યા છે.

ત્યારે જીલ્લામાં પ્રથમ ખેડબ્રહ્મા , વડાલી , વિજયનગર શેહર એક સપ્તાહ સુધી સ્વયભું બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો બાદ માં ગ્રામ્ય પંથક માં પણ કોરોના સંક્રમણ વધવાને લઇ ગ્રામજનોએ જાગૃતતા દર્શાવી ગામને સાત દિવસ માટે સવ્ભું બંધ રાખ્યું છે,હિંમતનગર તાલુકાનું હાથરોલ ગામમાં કોરોના સંક્રમણ વધવાને લઇ ગામના આગેવાનો સરપંચ અને પંચાયત ના સભ્યોએ ભેગા મળી કોરોના સંક્રમણને વધતું અટકાવવા માટે ગામ માં સાત દિવસ નો સ્વયભું બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો જેમાં તમામ ગ્રામજનો એ સહમતી દર્શાવતા ગામએ સાત દિવસ માટે બન્ધ પાળ્યો છે.

## ખેડબ્રહ્માના ગઢડા શામળાજી ગામે સોપારી હવનનું આયોજન

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ખાતે ગ્રામજનો તેમજ ચૌહાણ પરિવાર દ્વારા કોરોનાની મહામારીને લઈને બાધા રખાઈ હતી કે ગઢડા શામળાજી ગામે એક પણ કોરોનાનો કેસ નહીં નોંધાય તો ગ્રામજનો તેમજ ચૌહાણ પરિવાર દ્વારા ગામમાં આવેલા માતાજીના મંદિરે સોપારી હવનનું આયોજન કરવામાં આવશે. એ સંદર્ભે આજરોજ સુધી ગામની અંદર કોઈ પણ સમાજમા કોઈપણ પરિવારની અંદર કોરોના પોઝિટિવ કેસ ન નોંધાતા માતાજીના મંદિરે ૨૧ યજમાનો ત્રણ પૂજારીઓ દ્વારા માતાજીના મંદિરે સોપારી હવન કરવામાંઆવ્યોહતો. ગામના સરપંચ તેમજ પૂજારી દિનેશભાઈ જોશી તેમજ ગ્રામજનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## સરકાર કહે છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્બન વિસ્તારમાંથી ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત બબલપુરા ગામેથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાં અનોડિયા ગામેથી આજે એક સાથે ત્રણ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

અનોડિયા ગામેથી ૨૭ વર્ષીય યુવાન, ૬૦ વર્ષીય મહિલા તેમજ ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં આજે બે કેસ નોંધાયા છે. જેમાં એક ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક અર્બન વિસ્તારમાંથી મળેલ છે.

તાલુકાના રકનપુર ગામેથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૧૨ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાતંત્રએ દાવો કર્યો છે કે ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો છે. જિલ્લામાં આજે ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮૬૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૬૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫૭૧૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગઈકાલ કરતાં આજે કેસમાં ઘટાડો હોવા છતાં ક્વોરોન્ટાઈન કરેલા લોકોની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી રહી છે જે નોંધનીય છે.

## વધુ ૧૮

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૨માં રહેતા અને ઈન્ટર્ન તરીકે અભ્યાસ કરતા ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૨માં રહેતા અને ખાનગી પાર્ટી પ્લોટના મેનેજર તરીકે નોકરી કરતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી ૭૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૩ માંથી પણ ૭૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૭૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૩ માં રહેતા અને નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઈન્ફોસીટીમાં રહેતી ગિફ્ટસીટીની બેંક ઓફ બરોડામાં ડે. મેનેજર તરીકે સેવાઓ આપતી ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માં રહેતા આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે ફરજો બજાવતા ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેલ્સ બિઝનેસ સાથે સંકળાયેલ અને સે. ૨ માં રહેતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૧૦૨૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા ૧૨૦ થી પણ વધુ વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૨૫ થી વધુ છે અને હાલ ૧૬ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ મુકવામાં આવ્યા છે.

## આત્મનિર્ભર બનશે

● પહેલા પાનાનું ચાલુ

ફળ વેચતા હતા તો તેમના ફળ અને શાકભાજી સાથે વાહનો પણ જપ્ત થઈ જતા હતા. પરંતુ ૨૦૧૪માં ફળ અને શાકભાજીને એપીએમસી એક્ટમાંથી બહાર કઢાયા, જેનો તેમને અને તેમની આસપાસના ખેડૂતોને ઘણો ફાયદો થયો. આજે શ્રી કંવર ચૌહાણ અને તેમના ગામના ખેડૂતો સ્વીટ કોર્ટ અને બેબી કોર્ટની ખેતી કરે છે, જેનાથી અઢીથી ત્રણ લાખ પ્રતિ એકર વાર્ષિક કમાણી થાય છે. વડાપ્રધાને કહ્યું કે ખેડૂતો ભારતને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ અલગ અલગ મુદ્દાઓ પર પોતાની વાત રજૂ કરીને લોકડાઉનમાં પસાર થયેલા સમય અંગે પણ વાત કરી છે. વડાપ્રધાને સાંભળવાની કળાનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે વાર્તાઓનો ઈતિહાસ એટલો જ જૂનો છે જેટલી માનવ સભ્યતા. તેમણે હિતોપદેશ અને પંચતંત્રનો પણ ઉલ્લેખ કરીને કહ્યું કે વાર્તાઓથી વિવેક અને બુદ્ધિમત્તાનો સંદેશ આપવામાં આવે છે. ખેતી મુદ્દે ચાલી રહેલા વિરોધ વચ્ચે વડાપ્રધાને જણાવ્યું કે, "આ ખેડૂતો પાસે શું અલગ છે. તેમને પોતાના ફળ-શાકભાજી, ક્યાંય પણ, કોઈને પણ, વેચવાની તાકાત છે, અને આ તાકાત તેમની પ્રગતિનો આધાર છે.

## ભારતને સોંપ્યા...

● પહેલા પાનાનું ચાલુ

સરહદમાં ભારે તાપમાનને જોતા, ભારતે પણ આ વિમાનમાં તેના અનુસાર કેટલાક ફેરફાર કર્યા છે. જેના કારણે વિમાન ઓછા તાપમાને પણ સરળતાથી સ્ટાર્ટ કરી શકે છે. પ્રથમ બેચમાં ભારત પહોંચેલા ૫ રાફેલ વિમાનોના ૨૫૦ કલાકથી વધુની ફ્લાઈંગ અને ફિલ્ડ ફાયરિંગ પરીક્ષણો કરવામાં આવ્યા છે. આ વિમાનોને અંબાલા ખાતેના ૧૭ ગોલ્ડન એરો સ્ક્વોડ્રોનમાં શામેલ કરવામાં આવ્યા છે. ભારતીય રફાલની તુલનામાં ચીનના ચેંગડુ જે -૨૦ અને પાકિસ્તાનના જેએફ -૧૭ લડાકુ વિમાન છે. પરંતુ તે બંને રાફેલ કરતા થોડો ઓછો છે. ચીની જે -૨૦ ની મુખ્ય ભૂમિકા સ્ટીલ ફાઈટરની છે, જ્યારે રાફેલનો ઉપયોગ ઘણા હેતુઓ માટે થઈ શકે છે. જે -૨૦ ની મૂળ શ્રેણી ૧,૨૦૦ કિ.મી. છે જે ૨,૭૦૦ કિ.મી. સુધી લંબાઈ શકે છે.

## કૃષિ બિલ...

● પહેલા પાનાનું ચાલુ

નબી આઝાદે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મળવા પહોંચ્યા હતા. વિપક્ષના પ્રતિનિધિમંડળ તરફથી ગુલામ નબી આઝાદ રાષ્ટ્રપતિને મળ્યા હતા. આઝાદે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત બાદ જણાવ્યુ હતુ કે, તેમણે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી છે અને કહ્યું કે, બધા રાજકીય પક્ષો સાથે વાત કરીને આ બિલ લાવવાની જરૂર હતી. તેમણે કહ્યું હતું કે દુર્ભાગ્યથી આ બિલ ન સિલેક્ટ કમિટીને મોકલવામાં આવ્યા ન સ્ટેન્ડિંગ કમિટીને મોકલવામાં આવ્યા. પાંચ અલગ-અલગદ પ્રસ્તાવ આપવામાં આવ્યા હતા. કિસાન બિલોને લઈને વિપક્ષ દ્વારા સતત પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ગુલામ નબી આઝાદે કહ્યુ હતુ કે કિસાન પોતાના લોહી-પરસેવાને એક કરીને અનાજ પેદા કરે છે.

## ટેન્ક તૈનાત...

● પહેલા પાનાનું ચાલુ

ન્યુટ્રીશનવાળું રેશન આપણી પાસે છે. ફ્યૂલ અને ઓઈલ, શિયાળાના કપડા, ગરમી માટેના સાધનો આપણી પાસે પર્યાપ્ત માત્રમાં છે. મિકેનાઈઝ્ડ ઈન્ફેન્ટ્રી સેનાનો એડવાન્સ હિસ્સો છે. તે કોઈ પણ મોસમ અને વિસ્તારમાં યુદ્ધ કરવાનો અનુભવ ધરાવે છે. મિસાઈલ સ્ટોરેજ અને હાઈ મોબિલિટી એમ્યૂનિશન જેવી ખાસિયતના કારણે આપણે લાંબા સમય સુધી યુદ્ધ કરવાની કાબિલિયત ધરાવીએ છીએ.

### ઇકો કાર માલિકને કંપનીમાં ભાડે લેવાનું જણાવી

# સાયલન્સરમાંથી ધાતુ સેરવી લેતા બે ચોરને અરવલ્લી એલસીબીએ દબોચ્યા

અરવલ્લી જીલ્લામાં ઈકો કારના સાયલન્સરની ચોરી કરતી ગેંગ સક્રિય થઇ ગણતરીના દિવસોમાં ચાર થી વધુ ઈકો કારના સાયલન્સર ચોરી લીધા હતા ત્યારે મેઘરજના રાંજેડીના યુવકે હિંમતનગરના એક શખ્સ સાથે મળી ઈકો કારના સાયલન્સરમાંથી મળતી કિંમતી ધાતુની ચોરી કરવા અલગ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીસ અપનાવી ૨૨ ઈકો કારના સાયલેન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધું હતું જેમાં રાંજેડીનો યુવક ઈકો કાર માલિકને અંબુજા કંપનીમાં ઉચા ભાડે કાર ભાડે જોઈએ છે જણાવી કાર માલિકને હિંમતનગર એક શખ્શ પાસે લઈ જઈ કાર કંપનીમાં બતાવવા જવાનું જણાવી કાર માલિકને હિંમતનગર બાયપાસ ટોલનાકાની નજીક આવેલ ઓફિસે ઉભો રાખી ઈકો કારને લઇ જઈ સાયલન્સરમાંથી કિંમત ધાતુ કાઢી લઈ કાર માલિકને પરત કરી કાર માલિકને ૫૦૦ રૂપિયા ઈંધણના આપી રવાના કરી દેતા હતા મોટા ભાગના કાર માલિકોને બંને શખ્સોએ ઈકો કારના સાયલન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધી હોવાની ખબર સુદ્ધાં પડતી ન હતી અઢી મહિના અગાઉ આ બંને શખ્સનો ભોગ બનેલ પંચાલ ગામના ઈકો કાર માલિક બિપીન ભગોરાએ કારના સાયલન્સરનો અવાજ બદલાતા ગેરેજમાં બતાવતા સાયલન્સરમાથી મેટાલિક કન્વર્ટર કાઢી લીધું હોવાની જાણ થતા મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા અરવલ્લી એલસીબી પોલીસે સાયલન્સરમાંથી ધાતુની ચોરી કરતા ૨ ચોરને ઝડપી પાડ્યા હતા.



અરવલ્લી એલસીબી પીઆઈ આર. કે. પરમાર અને તેમની ટીમે મેઘરજના રાંજેડી ગામના સચિન ધીરજભાઈ બામણા અને હિંમતનગરના ચંદનગરમાં રહેતા તાહીરહુસેન મહમદશા દીવાનને ઝડપી લઈ અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર સહીત વિસ્તારોમાંથી ૨૨ ઈકો કાર માલિકોને કાર કંપનીમાં ભાડે આપવાના બહાને ઈકો કારના સાયલન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધું હોવાનો પર્દાફાશ કર્યો હતો.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

હક્કો આપોઆપ જ મળી જાય છે. કલમ-૨૨ મુજબ પ્રકાશન, સાહિત્ય, મ્યુઝિકલ, ડ્રામાટીક અને આર્ટીસ્ટીક વર્કસના કોપીરાઈટના હક્કો આપવામાં આવ્યા છે. આના માટે ભાવી સરકારે અલગથી ડિપાર્ટમેન્ટ બનાવી કાર્યભાર સંભાળે છે. જેમાં ૨૦૧૬ના સુધારાથી વેબસાઈટ, બ્લોગ, ઈન્ટરનેટ, ઉપરના લખાણ સામે પણ કોપીરાઈટ એક્ટ પ્રમાણે કામકાજ કરવામાં આવે છે. મીનીસ્ટ્રી ઓટ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ કોપીરાઈટ એક્ટ પ્રોટેક્શન આપે છે. કોપીરાઈટ એક્ટની કલમ-૩૧ મુજબ ઈન્ટરનેટ અને બ્રોડકાસ્ટીંગ ને પણ આવરી લેવામાં આવેલ છે. અને દરેક સર્જકે પોતાનું સર્જન આ એક્ટ મુજબ સુરક્ષીત કરવું જોઈએ તેમના કરતા પોતાના સર્જનનું ડુપ્લીકેશન થાય તો સર્જક ને કોપીરાઈટ એક્ટનો કોઈ જ લાભ મળતો નથી કે નાણાકીય નુકશાન, રોયલ્ટી ની માંગણી કોર્ટમાં કરી શકતા નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧
into@trivediassociates.in

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

ખાલી છે. ઓવૈસીની એમઆઈ એમની ૧ છે. રાજ્યમાં મતદારોમાં ઓબીસી /ઈબીસી લગભગ ૫૦% જેટલાં છે. દલિત અને મહાદલિત ૧૫%, મુસ્લિમ ૧૬.૯%, આદિવાસી ૧.૩% અને સવર્ણ ગણાતી જાતિઓના ૧૯% છે. રાજ્યના મતદારોમાં જાતિગત સમીકરણો પ્રમાણે મતદાન કરવાની પરંપરા છે. ભાજપ અને સંઘ પરિવારે જે પ્રકારે સામાજિક સમરસતાનો પ્રયોગ કરવા માટે જોડાણો કર્યા છે. ઉપરાંત મુસ્લિમ મતોમાં ભાગ પડાવવા માટે ઓવૈસીના પક્ષના ઉમેદવારો લાલુના પરંપરાગત “એમવાય” સમીકરણને કનડે એવું લાગ્યા વિના રહેતું નથી. આમ છતાં, લાલુના ઘડાયેલ વછેરા તેજસ્વીને ઓછા આંકવા એ ભોંય ભૂલવા જેવું છે. લાખો લોકોને રોજગારીના સમયબદ્ધ વચન સાથે તેજસ્વી રાજ્યભરમાં ફરી વળ્યો છે. પ્રજાની સહાનુભૂતિ મેળવવામાં એ સફળ થાય તો મુખ્યમંત્રીપદ મેળવી શકે, પણ એના ગઢમાં ગાબડાં પાડવા માટે ભાજપ થકી સુરંગો ગોઠવાયેલી છે. બિહાર વિધાનસભાની ચૂંટણી યોજાતાં સૌની નજર તો એ બાબત પર છે કે કોરોના માર્ગદર્શિકાનું પાલન કરતાં રાજકીય પક્ષો પોતાનો પ્રચાર કઈ રીતે કરીને મતદારોને પ્રભાવિત કરે છે. તેજસ્વી-કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલ તેમ જ રણદીપ સુરજેવાલા જેવા નેતાઓ ભલે દાવો કરતા હોય કે વર્તમાન શાસકોથી પ્રજા ત્રસ્ત છે સત્તા પરિવર્તન ઝંખે છે, વિપક્ષી એકતા મજબૂત ના હોય અને સત્તારૂઢ મોરચાને મતદારોને પ્રભાવિત કરવાની મોકળાશ હોય ત્યારે વિપક્ષનું સત્તાસ્વપ્ર સાકાર થવું જરા મુશ્કેલ લાગે છે. ગમે બાજુ પ્રજા ઢળી શકે કારણ કોરોના કાળમાં બિહારી શ્રમિકોની જે હાલત થઈ એનો વિચાર મતદાન વખતે આવે તો ચિત્ર બદલાઈ શકે. અત્યારે કોઈ નક્કી તારણ પર આવવું મુશ્કેલ છે.

haridesai@gmail.com